સુવિચાર : જગત જખ્મી છે, અશાંત છે, એની અશાંતિમાં વૃદ્ધિ કરવાની જરુર નથી, પહેલા માણસ ઠરશે તો જ દેશ-દુનિયા ઠરશે - ભક્તિસૂત્ર

તાપમાન
મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૪ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૫૯ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૭૯ | ૯ સપ્ટેમ્બર, ૨૦૧૫, બુધવાર ; શ્રાવણ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# મ્યાનમાર સરહદ પર સેનાનું ઓપરેશન



## દિલધડક લશ્કરી ઓપરેશનમાં પીએલએના ત્રણ બળવાખોરો મોતને ઘાટ : હથિયારોનો જથ્થો જપ્ત કરાયો : શનિવારના દિવસે બિલકુલ ગુપ્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ

નવી દિલ્હી,તા. ૮

ભારત-મ્યાનમાર સરહદ પર ભારતીય સેનાએ ફરી એકવાર સર્જિકલ ઓપરેશન હાથ ધર્યુ છે. આ ઓપરેશનમાં પીપલ્સ લિબરેશન આર્મી (પીએલએ)ના ત્રણ બળવાખોરો મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. તેમની પાસેથી હથિયારોનો જથ્થો પણ જપ્ત કરવામાં આવ્યો છે. જુન મહિના બાદ બીજી વખત ભારતીય સેનાએ મ્યાનમાંર સરહદની અંદર સફળ ઓપરેશન હાથ ધર્યુ હતુ. આ ઓપરેશન ખુબ ગુપ્તરીતે શનિવારના દિવસે હાથ ધરવામાં આવ્યુ હતુ. માર્યા ગયેલા બળવાખોરોના મૃતદેહો હાથ લાગી ચુક્યા છે. જો કે સરકારે આની કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી. સમગ્ર કાર્યવાહી ગુપ્ત રાખવામાં આવી હતી. આ વર્ષે જુન મહિનામાં ભારતીય સેનાએ મ્યાનમારની અંદર સર્જિકલ ઓપરેશન હાથ ધર્યુ હતુ. મણિપુરમાં સેનાના છ ડોગરા રેજિમેન્ટના કાફલા પર છુપો હુમલો કરીને બળવાખોરોએ ૧૮ જવાનોને મોતને ઘાટ ઉતારી દીધા બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી.

આ કાર્યવાહીમાં ૩૮ બળવાખોરોનો સફાયો કરવામાં આવ્યો હતો. ચોથી જુનના દિવસે બળવાખોરોએ મણિપુરના ચંડેલ વિસ્તારમાં ભીષણ હુમલો કર્યો હતો. જેમાં બળવાખોરોના તમામ અડ્ડાને ફુંકી મારવામાં આવ્યા હતા. સાતમી જુનના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મ્યાનમારમાં લશ્કરી કાર્યવાહી કરવા માટે મંજૂરી આપી હતી. બાંગ્લાદેશના પ્રવાસથી પરત ફર્યા બાદ મોદીએ મંજૂરી આપી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## ફટાફટ ન્યુઝ

- જોખમ લઈ રોકાણ કરવાનો સમય છે : મોદીની ઉદ્યોગપતિને સલાહ
- વૈશ્વિક મંદીની અસર ભારત પર ખૂબ ઓછી થઈ : જેટલી
- હવે ૮૦ ટકા આસામ પુરના પાણીમાં : મૃતાંક વધીને ૪૩
- પુરગ્રસ્ત વિસ્તારોમાં રોગચાળાની દહેશત : તંત્ર દ્વારા તમામ પગલા લેવાયા
- બિરલાને મુંબઇની સૌથી મોંઘી પ્રોપર્ટી ડીલ મળી
- સેન્સેક્સ ૪૨૪ પોઈન્ટ સુધરી ૨૫૩૧૮ની નવી સપાટી ઉપર
- શીના બોરા કેસ : મારિયાને કમિશનર પદેથી હટાવાયા
- યુએસ ઓપન : એન્ડી મરે પરાજિત, ફેડરરનો વિજય
- હેલિકોપ્ટરથી વૈષ્ણોદેવી યાત્રા વધારે મોંઘી બની
- યુરો ૨૦૧૬ : સ્કોટલેન્ડ પર જર્મનીની શાનદાર જીત થઈ

# સોનીયા ગાંધી વધુ એક વર્ષ પ્રમુખપદે

નવી દિલ્હી,તા.૮

કોંગ્રેસ કારોબારી સમિતિએ વધુ એક વર્ષ માટે પક્ષ પ્રમુખ સોનિયા ગાંધીની અવધિને લંબાવી દીધી હતી. કોંગ્રેસ કારોબારી સમિતિએ રાહુલ ગાંધીની ઈમેજને વધારવા માટે પણ વિવિધ પગલા લીધા છે. રાહુલ ગાંધીની પ્રશંસા કરતા કોંગ્રેસ

## પક્ષ પ્રમુખ બનવાની રાહુલ ગાંધીની તકો હાલ પુરતી ધુંધળી બની

સાથે-સાથે પક્ષની સંસ્થાકીય ચુંટણી લડવા માટેની પ્રક્રિયાને વધારે અસરકારક બનાવી દીધી છે. આની સાથે જ પક્ષના ઉપપ્રમુખ રાહુલ ગાંધીની આ વર્ષે પક્ષ પ્રમુખ બનવાની તકો પણ ધુંધળી બની ગઈ છે. જોકે, કારોબારીએ કહ્યું છે કે, રાહુલના આક્રમક વલણના લીધે જ નરેન્દ્ર મોદી સરકારને વર્ષ ૨૦૧૩ના જમીન અધિગ્રહણ કાયદામાં સુધારા કરવાના પ્રયાસોને પડતા મુકવાની ફરજ પડી છે. આને કોંગ્રેસની મોટી જીત તરીકે ગણી શકાય છે. પાર્ટીની ટોપ લીડરશીપે સોનિયા ગાંધીની



પ્રમુખ તરીકેની અવધિને વધારવાની પ્રક્રિયા પણ શરૂ કરી દીધી છે.પક્ષના બંધારણમાં બે ચાવીરૂપ સુધારા પણ સ્વિકારી લેવાયા છે. જે પૈકી એક જુની વ્યવસ્થાને પુનઃસજીવન કરવાની છે. જેમાં સક્રિય અને સામાન્ય મેમ્બરશીપ બન્નેને સક્રિય કરવાની વ્યવસ્થા સામેલ છે. બીજી બાબત પ્રવર્તમાન પાંચ વર્ષની અવધિના બદલે પાર્ટી હોદ્દેદારોની અવધિ ૩ વર્ષની કરી દેવાઈ છે. આ બે સુધારા સાથે સીડબલ્યુસી માટે હાલમાં ચાલતી સંસ્થાકીય ચુંટણીની અવધિ લંબાવવાની ફરજ પડી છે. નવી ફોર્મેટ સાથે હવે સમગ્ર પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. સોનિયા ગાંધીની અવધિ પણ વધારી દેવાઈ છે. અલબત્ત રાહુલ ગાંધી લીડરશીપની સંસ્થાકીય કામગીરીમાં વધુ સક્રિય ભૂમિકા અદા કરશે.

# અંકુશ રેખા પર વધુ જવાન તૈનાત


જમ્મુ, તા. ૮

પાકિસ્તાન દ્વારા અંકુશ રેખા અને આંતરારાષ્ટ્રીય સરહદ પર સતત કરવામાં આવી રહેલા ગોળીબારના કારણે ભારતે આક્રમક રણનિતીના ભાગરૂપે વધારે જવાનો તૈનાત કરી દીધા છે. અંકુશ રેખા પર વધુ સંખ્યામાં જવાનો ખસેડવામાંઆવ્યા છે. સરહદી ઘુસણખોરીને રોકવા અને આતંકવાદી ગતિવિધિને રોકવાના

## પાકિસ્તાન દ્વારા ગોળીબાર અને ઘુસણખોરીને રોકવાના હેતુથી વધુ જવાનો તૈનાત : આક્રમક રણનિતી તૈયાર

હેતુસર આ તૈનાતી કરાઈ છે. ટોપ આર્મી કમાન્ડરે માહિતી આપતાં કહ્યું છે કે,આતંકવાદીઓ દ્વારા ઘુસણખોરીના પ્રયાસ સતત કરવામાં આવે છે. આ જ કારણસર એલઓસી ઉપર વધુ સંખ્યામાં સૈનિકો ગોઠવવામાં આવ્યા છે. સરહદ પારથી કોઈપણ આતંકવાદી ગતિવિધિને રોકવા માટે નવી રણનિતી તૈયાર કરવામાં આવી છે. અંકુશ રેખા ઉપર સૈનિકોની જમાવટને વધારવામાં આવી છે. આ ઉપરાંત જે વાડને નુકશાન થયું છે તે વાડને પણ રીપેર કરવામાં આવશે. વધુ સંખ્યામાં જવાનો તૈનાત કરવામાં આવ્યા બાદ અને વાડની કામગીરીને અસરકારક બનાવી દીધા બાદ ઘુસણખોરીની બાબત અંકુશ રેખા પર મુશ્કેલરૂપ બની જશે.

કાશ્મીરમાં કોઈ અંધાંધુંધીની શક્યતા અંગે પુછવામાં આવતા સેનાના અધિકારીઓએ કહ્યુ છે કે સેના પરિસ્થિતિને પહોંચી વળવા માટે તૈયાર છે.



(તસવીર : દિપક જાની)

પલટાતું વાતાવરણ : ગાંધીનગરના આકાશમાં છેલ્લા ચાવીસ કલાસમાં ત્રણેક વાર વાતાવરણ પલટાતું રહ્યું હતું... ક્યારેક ઘનઘોર વાદળો તો ક્યારેક ખુલ્લુ આકાશ... ક્યારેક સોનેરી કિરણો તો ક્યારેક આકરો તડકો... સૂર્ય અને વાદળો વચ્ચેની સંતાકુકડીમાં પલટતા વાતાવરણે નગરના આકાશનો નજારો વારંવાર પલટ્યો હતો...

## એરપોર્ટ પરથી દોઢ કિલો સોના સાથે એક ઝડપાયો

અમદાવાદ, તા.૮

અમદાવાદ એરપોર્ટ પર ગઈકાલ રાત્રે ૩૭ લાખથી વધુ દાણચારી કરી દોઢ કિલોથી વધુ સોનાના જથ્થા સાથે એક શખ્સની ધરપકડ કરવામાં આવી છે.

સૂત્રો મુજબ અમદાવાદ એરપોર્ટ પર ગત રાત્રે મોડી રાત્રે પોણાબાર વાગ્યાની સુમારે એક શખ્સ સ્પાઈસ જેટની એસજી ૧૬ નંબરની ફલાઈટમાં દુબઈ થી અમદાવાદ આવ્યો હતો. આ શખ્સ સૈયદ શેખ ૧૫૮૪ ગ્રામ સોનાના રોડ્ઝ લઈને આવ્યો હતો. કસ્ટમ વિભાગે તપાસ કરતાં સૈયદ શેખના બેગમાંથી ૧૫૮૪ ગ્રામના સોનાના રોડ્ઝ મળી આવ્યું હતું. તેથી કસ્ટમ વિભાગે સૈયદ શેખની ધરપકડ કરી હતી.

# જીટીયુ દ્વારા સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ ઈકોર્સ શરૂ કરાશે

અમદાવાદ, તા.૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા અમદાવાદ સહીત દેશમાં ૧૦૦ સ્માર્ટ સિટી બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. ત્યારે આ સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ માટે નિષ્ણાંત વ્યક્તિઓ મળી રહે તે માટે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) દ્વારા સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ ઈ-કોર્સ શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ અભ્યાસક્રમનો પ્રારંભ ૧૫ સપ્ટેમ્બરથી થશે. જે દેશમાં સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ અંગેન સૌ પ્રથમ

## સ્માર્ટસિટી ડેવલપમેન્ટ માટે કુશળ વ્યક્તિઓ મળી રહે તે માટે ઈકોર્સ શરૂ કરવા માટેનો મહત્વપૂર્ણ નિર્ણય કરાયો

ઈ-કોર્સ હશે. આ ઉપરાંત જીટીયુ દ્વારા ન્યુઝીલેન્ડની ક્રાઈસ્ટ સર્ચ પોલિટેકનિક ઈન્સ્ટિટ્યુટ સાથે મળીને સ્માર્ટ સિટી રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ અંગે ડિપ્લોમાં અને ડિગ્રી અભ્યાસક્રમ પણ આગામી શૈક્ષણિક વર્ષથી શરૂ કરવામાં આવે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) દ્વારા અગામી ૧૫ સપ્ટેમ્બરથી શરૂ કરવામાં આવી રહેલ સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ ઈ-કોર્સમાં સ્માર્ટ સિટિમાં પ્લાન અંગે પણ વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવામાં આવશે. જીટીયુના ગ્રેજ્યુએટ સ્કુલ ઓફ સ્માર્ટ સિટીઝ ડેવલપમેન્ટ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવી રહેલ આ અભ્યાસક્રમ સંપૂર્ણ પણે ઓનલાઈન રહેશે. આ ઈ-કોર્સ માત્ર ૧૪ સપ્તાહનો રહેશે. જેમાં કોઈપણ વિદ્યાશાખામાંથી સ્નાતક થયેલા વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકશે.

# બિમારીનાં લક્ષણો ધરાવનારને શાળામાં રજાઓ અપાશે

અમદાવાદ, તા.૮

અમદાવાદ અને સુરત સહીત રાજયનાં કેટલાંક ભાગોમાં મચ્છરજન્ય રોગચાળાની સાથે સાથે સ્વાઈન ફલુ અને ડેન્ગ્યુ જેવા રોગોએ માથુ ઉચક્યુ છે. જેથી આ રોગચાળો શાળામાં ન પ્રસરે તે માટે શાળામાં બિમારીનાં લક્ષણ ધરાવતા હોય તેવા વિદ્યાર્થીઓને રજા આપી દેવા માટે શિક્ષણ વિભાગ દ્વારા રાજયની તમામ શાળાઓને આદેશ આપવામાં આવ્યો છે. આ સાથે જ રોગચાળો ફેલાતો અટકાવવા અંગેની

## શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની તમામ શાળાઓને આદેશ આપવામાં આવ્યો : રોગચાળાને ફેલાતો રોકવા પગલા

માર્ગદર્શીકાનું પણ શાળાઓમાં વિતરણ કરવામાં આવી રહ્યું છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ અમદાવાદમાં રોગચાળાએ માઝા મુકી છે. ત્યારે રોગચાળો ન ફેલાય તે માટે ખાસ તકેદારી રાખવાની સુચનાઓ શાળાનાં સંચાલકોને શિક્ષણ વિભાગ દ્વારા આપવામાં આવી છે.

શિક્ષણ વિભાગે શાળાઓ માટે જાહેર કરેલ આદેશ મુજબ શાળામાં જો કોઈ વિદ્યાર્થીને તાવ-ઉધરશ કે શરદી જેવા લક્ષણો દેખાય તો તે વિદ્યાર્થીને રજા આપી દેવા માટે જણાવવામાં આવ્યું છે. આ ઉપરાંત તમામ વિદ્યાર્થીઓએ ફૂલ સ્લીવના શર્ટ પહેરવા, શાળાની અંદર તેમજ શાળાની આસપાસ ભરાયેલા પાણીનો નિકાલ કરવાની સાથે ગંદકી દુર કરવાની પણ સુચનાં આપવામાં આવી છે.